## જન્મદિને વધામણી



**કીર્તિભાઈ વિઠ્ઠલદાસ સુખડિયા**
વેપારી, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨
સહમંત્રી, ગાંધીનગર મીઠાઈ-ફરસાણ એસોસિએશન
ખજાનચી, ગાંધીનગર સુખડિયા સમાજ વિકાસ ટ્રસ્ટ
મો. ૯૨૨૭૪ ૦૦૪૫૬



**વર્ષાબેન ઠક્કર**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



**નીરવ દવે**
મો. ૯૭૨૭૭ ૮૧૯૪૪

# તમે પણ તમારા સમયના સૂર્ય બની શકો છો : ડૉ. કેશુભાઈ

ગાંધીનગર, તા. ૨૪

વૅકેશનનો સમય કઈ રીતે સાર્થક કરી શકાય એનું ઉત્તમ ઉદાહરણ પ્રતિષ્ઠિત કેળવણી સંસ્થા ચી ન વિદ્યાવિહારમાં આ દિવસો દરમ્યાન ચાલતી વિદ્યાર્થી શિબિરો છે. સંસ્થાના ટ્રસ્ટી અને કુલપિતા સૌભાગ્યચંદ્ર શાહ નેવું વર્ષ વટાવી ચૂક્યા પછી પણ પૂરી તન્મયતાથી આ શિબિર પરંપરા ચાલુ રાખી રહ્યા છે.

હનુમાન જયંતિની પવિત્ર સાંજે જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના સાંનિધ્યમાં સી એન વિદ્યાલયનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સમયના સાત્ત્વિક સદુપયોગની કેટલીક રસસભર વાર્તાઓ કહી સંભળાવી. ડૉ. કેશુભાઈ દેસાઈએ એમના છાત્રજીવનની સ્મૃતિઓ વાગોળીને વિદ્યાર્થીઓને મહત્ત્વનું સૂત્ર આપ્યું : 'તમારામાં જિજીવિષા અને વિજિગીષા - જીવવાની અને જીતવાની ઈચ્છાશક્તિ પ્રગટાવો .' તમારી પ્રચ્છન્ન શક્તિઓને જગાડો અને ગુરુજનો તથા વડીલોએ તમારી કુમળી આંખોમાં આંજેલાં સપનાં સિદ્ધ કરવા દૃઢ સંકલ્પ સાથે આગળ વધો. દુનિયામાં કશું જ અશક્ય નથી. તમે પણ તમારા સમયના સૂર્ય બની શકો છો.

મુખ્ય મહેમાન ડૉ. કેશુભાઈ દેસાઈના પ્રેરક પ્રવચનથી પ્રભાવિત થયેલા સંસ્થાના કર્ણધાર આચાર્ય સૌભાગ્યચંદ્ર શાહે બાળકોને એમના જીવનમાંથી પ્રેરણા લેવાની શીખ આપી હતી અને આભારદર્શન કર્યું હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી ડૉ. કેશુભાઈ દેસાઈ આ વિશિષ્ટ વૅકેશન શિબિરમાં પ્રેરક પ્રવચનો આપતા રહ્યા છે.

# આર્ટીસ્ટીક સ્કેટીંગમાં દેવાંશી ત્રિવેદીની અનોખી સિદ્ધિ

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ શહેરમાં રહેતી ૧૪ વર્ષીય દેવાંશી અમિતભાઈ ત્રિવેદીએ આર્ટીસ્ટીક સ્કેટીંગમાં સફળતાનાં શિખરો સર કરવાની સાથે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સ્પર્ધામાં કુલ ૨૦ જેટલા ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવ્યા છે.

તાજેતરમાં જ ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા દેવાંશીને જયદિપસિંહ જુનિયર ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્કેટીંગમાં રાષ્ટ્રીય કક્ષાએ અગ્રેસર પ્રદાન કરવા બદલ તેને સરદાર પટેલ ઍવોર્ડથી પણ નવાજવામાં આવી છે..

દેવાંશીનું ગત જાન્યુઆરી મહિનામાં ઑલ ઈન્ડિયા શ્રીમાળી



બ્રાહ્મણ સમાજ તરફથી રાજકોટ ખાતે યોજાયેલા વિશાળ સંમેલનમાં સમાજ તરફથી સન્માન પણ કરવામાં આવ્યું હતું.

પોતાની સિદ્ધિઓ વિશે વાત કરતાં દેવાંશી જણાવે છે કે 'હું દસ વર્ષની હતી ત્યારથી જ મેં સ્કેટીંગની સ્પર્ધામાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. આજે પાંચ વર્ષના સમયગાળામાં ૨૦ જેટલા મૅડલ મેળવ્યા છે, જેમાં ૯ ગોલ્ડ અને ૮ સિલ્વર ઉપરાંત બે બ્રોન્ઝ મૅડલનો સમાવેશ થાય છે.'

ઉલ્લેખનીય છે કે દેવાંશીએ ત્રણ વર્ષ નૅશનલ ચૅમ્પિયન બનવાનું ગૌરવ પણ પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૫માં જર્મનીમાં પણ સ્કેટીંગની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવાની તક તેને મળી હતી.

# એમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં ઈનામ વિતરણ સમારોહ




ગાંધીનગર, તા. ૨૪

ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે તાજેતરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ - રંગોત્સવ, ઈનામ વિતરણ કાર્યક્રમ તથા ટીવાયબીએ સૅમેસ્ટર-૬ની વિદ્યાર્થીનીઓને વિદાય આપવા માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળના ઉપપ્રમુખ ડૉ. રજનીકાન્ત શાહ, મંત્રી અશ્વિનભાઈ પરીખ, દેવાંગભાઈ દેસાઈ, નલિનભાઈ શાહ તથા કારોબારી સભ્યો, ભગિની સંસ્થાના આચાર્ય ડૉ જી ડી ત્રિપાઠી, ડૉ. પ્રકૃતિબેન મોટકા, મહિલા કૉલેજનાં આચાર્ય ડૉ. હિનાબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

બીએ સૅમ-૨, ૪ તથા ૬ની પરીક્ષામાં ઉજ્જવળ દેખાવ કરનાર વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને કાર્યક્રમ અંતર્ગત સન્માનિત કરવામાં આવી હતી. ઉપરાંત સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, મહેંદી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કાવ્ય પઠન, ક્વિઝ કોન્ટેસ્ટ, નવરાત્રી, ઍનઍસઍસ તથા રમતગમતની વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીનીઓને પણ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. વિદાય લઈ રહેલી વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના તૃતિય ચરણમાં વિદ્યાર્થીનીઓ દ્વારા ધમાકેદાર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કૉલેજના પ્રા. હરસુખભાઈ ઍચ પરમાર, સાંસ્કૃતિક કમિટીના સંયોજક ડૉ. સંગીતાબેન સી આચાર્ય, પ્રા. વર્ષાબેન બ્રહ્મભટ્ટ તથા ડૉ. વંદનાબેન ઠક્કરે સફળતાપૂર્વક કર્યુંહતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારોમાં સેવાકાર્યો





ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે વનવાસી વિતારમાં વિવિધ સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યાં હતાં. ભિલોડા તાલુકાના ગોઠ તથા જેસીંગપુર પાસે ૧૦૫ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા સંસ્થા તરફથી અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ડૉ. બોઘાણી દ્વારા વૃધ્ધોની આરોગ્ય તપાસ કરી દવા તથા ટૉનિક પણ આપવામાં આવ્યાં હતાં ને જરૂરિયાતમંદોને પગરખાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ગોઠની આંગણવાડીનાં બાળકોને નવાં કપડાં તથા નાસ્તો પણ સંસ્થાએ આપ્યો હતો.

સમિતિ દ્વારા પ્રસ્થાપિત હનુમાન મંદિરમાં નવી ધજા પણ અર્પણ કરવામાં આવી હતી. ગાંભોઈ તથા રાયગઢ વચ્ચે નવલપુર ગામે આ દસ ફૂટ ઊંચી પ્રતિમા ૧૨ ફૂટ ઊંચા મંચ પર મૂકવામાં આવી છે. ડૉ. બોઘાણી, ભીમજીભાઈ, મિલિન્દભાઈ, રાવલભાઈ સંસ્થાના આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફૅન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
લાલ રંગ
૬.૪૫
**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (૩ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪**
કિ ઍન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
ફૅન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

## વિશ્વ પુસ્તક દિન નિમિત્તે
# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવિ સંમેલન






ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા નિયમિત રીતે યોજાતા કાવ્યસત્રના ભાગરૂપે શનિવારે રવિશંકર રાવળ કલાભવન ખાતે કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા કવિઓ માધવ રામાનુજ, તુષાર શુક્લ, કૃષ્ણ દવે, રમેશ ઠક્કર અને નિરંજન યાજ્ઞિક સાથે અમેરિકાના પ્રીતમ લખલાણી અને દુબઈથી મેગી અસનાની પણ જોડાયા હતા.

આ પ્રસંગે સાહિત્ય અકાદમીના કાર્યક્રમો વિશે માહિતી આપતાં અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કહ્યું કે, 'ગોવર્ધનરામ ત્રિપાઠીની પાંચ રૂપિયાની ટિકિટ બહાર પડશે, તેમજ રમણભાઈ નીલકંઠના સમગ્ર સાહિત્યના ચાર ગ્રંથો અકાદમી તૈયાર કરી રહી છે. પશ્ચિમમાં નરસિંહનો ઉત્સવ, પૂર્વમાં આદિવાસી સાહિત્યોત્સવ, સૂરતમાં નર્મદઉત્સવ અને ઉંઝામાં ચિનુ મોદીના અધ્યક્ષપદે કાર્યક્રમ થશે.' આ કવિસંમેલનમાં કવિઓએ પોતાની જાણીતી અને ઓછી જાણીતી મૌલિક રચનાઓ રજૂ કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી. આ સંમેલનનું સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામીએ કર્યુ હતું. જ્યારે કવિ ચિનુ મોદી, મનિષ પાઠક 'શ્વેત' સહિતના અનેક સાહિત્ય રસિકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.

ઢેફું સમજીને તમે ફેંકી દ્યો ધૂળમાં, કે સોનાને ત્રાજવેથી તોલો,
અમને ફેર શું પડે બોલો
.... કૃષ્ણ દવે

ક્યારેક કુંભાર, પણ મૂછમાં હસતો હોય છે,
મારા માટલાને, ટકોરા મારીને, ચકાસણી કરતો,
આ માણસ, કેમ આટલો જલ્દી ફૂટી જતો હશે !
... પ્રિતમ લખલાણી

કાચ શી છેલ્લી ક્ષણો ઉભી રહી,
એક પત્થર આવતો જોયા કરે
... નિરંજન યાજ્ઞિક

મા! તારું વ્હાલ છું કે તારી વ્યથા છું ! અથવા તો મજબુરી...
હું તારા વાત્સલ્યનું નહિ, તારા વ્યવસાયનું પરિણામ છું.
...માધવ રામાનુજ

આજ એનું નામ આવ્યુ હોઠ પર, બે ઘડી નિરાંતમાં વિતી ગઈ.
...મેગી અસનાની

લાખ ઈચ્છાઓને અવઢવ થાય છે,
એક સપનુ ત્યારે સંભવ થાય છે .
...હરદ્વાર ગોસ્વામી

# મિત્રતા એ શબ્દ નથી પણ જીવનનું મહત્ત્વનું અંગ છે

## સંવેદના
### મારો મિત્ર મારો હમદમ

જીવનની દરેક પળમાં મિત્રનું મહત્ત્વ રહ્યું છે. ભાગ્યે જ એવો કોઈ વ્યક્તિ હશે જેને મિત્ર ના હોય. મારી જ વાત કહું તો મારા બે મિત્રો કર્ણ અને કૌશલ, જેમણે મારા જીવનના ખરા પાયા નાખ્યા છે.જીવનમાં આવતી દરેક મુશ્કેલીમાં હંમેશાં મારી સાથે ઊભા રહ્યા છે.

મિત્રતા એ શબ્દ નથી પણ જીવનનું મહત્ત્વનું અંગ છે એ મને મિત્રો દ્વારા સમજાયું છે. મારા અસ્ત જીવનને તેઓ ઉદય તરફ લઈ ગયા છે. એટલે જ હૃદયથી કહું છું કે, 'સંગ કરતાં તો કરી લીધો તમારો, સદાય ઋણી રહીશ હું જીવનભર તમારો.'

**- જૈવિક પી પંચોલી,**
**પેથાપુર**

જીવનમાં ઘણા મિત્રો હોય, પરંતુ ખરા અર્થમાં જે આપણા ખરા રાહબર બનીને યોગ્ય અને સાચી દિશાના સૂચક હોય તેવી વ્યક્તિને જ હું મારો સાચો મિત્ર માનું છું અને તે છે મારા ધોરણ-૯ના વર્ગશિક્ષક.

તેઓ મને સારી રીતે સમજી શકતા. ભૂલ હોય ત્યાં સહજ રીતે સમજાવતા. વર્ગમાં સારા કાર્ય બદલ પ્રોત્સાહિત પણ કરતા અને જરૂર પડે હળવી શિક્ષા પણ કરતા. સારી રીતે શાંતિથી વિદ્યાર્થઈઓમાં સમજદારી-પૂર્વક ભૂલ ક્યાં છે તે સમજાવીને ક્ષમા પણ આપી દેતા.

શિસ્તપાલન, નિયમિતતા ્ને વિદ્યાર્થી પ્રત્યેની શ્રેષ્ઠ ન્યાયપ્રિયતા તેમનામાં ખૂબ જ સારી જોવા મળતી. દરેક વિદ્યાર્થીને તે સમદૃષ્ટિથી જોતા. ગમે તેવો ઠોઠ વિદ્યાથી હોય પણ તેને માન તેઓ સમાન જ આપતા. ન આવડે તો પોતાના સહાધ્યાયી પાસેથી સમજ કેળવી લેવાનું પણ કહેતા. આમ, હોંશિયાર વિદ્યાર્થીમાં પણ 'ભણો અને ભણાવો'ની ભાવના જગાવતા. ખરેખર મારા એ વર્ગશિક્ષક સાચા અર્થમાં મારા સાચા રાહબર અને મિત્ર સમાન હતા. મારા સાચા મિત્ર એટલે જ મારા જીવનમાં દિવ્યજ્ઞાન જ્યોતિ પ્રગટાવનાર શિક્ષક. મારા ગુરુને મારા વંદન.

**- કોકિલા જયપ્રકાશ ભટ્ટ**
**સેક્ટર-૮ બી**



અહીં વાત કરવી છે મારા એક મિત્રની. નામ એનું કરીમ મહંમદભાઈ સોઢા. જન્મે સાચો મુસલમાન. નેક અને પ્રામાણિક એટલો બધો કે આપણે એને પાક (પવિત્ર) કહી શકીએ. સાધારણ કુટુંબમાં જન્મ થયો હોવા છતાં બુદ્ધિમત્તામાં ભલભલાને પાછા પાડી દે. અમારી સાથે ભણતો ત્યારે પોતાના મોટાભાઈની સાથે રહી ઉછર્યો. ભણવામાં તે સતત હરીફાઈમાં રહેતો. કોઈ વખત પહેલો નંબર આવવાને બદલે બીજો નંબર આવે તો માનવસહજ વિચાર પણ કરતો કે નટુભાઈના ભાઈ શિક્ષક છે કે વર્ગશિક્ષકને તેમના પર પ્રેમ છે તેથી મારો બીજો નંબર આવ્યો.

મને નાનપણથી જ બોલવામાં સ્પષ્ટ વ્યક્તિઓ પસંદ છે. કરીમ એમાંનો એક હતો. તેણે મને આ ગુણ શીખવ્યો હતો એમ કહું તો પણ ખોટું નહિ. મને યાદ છે કે એકવાર અમે શાળાના વિદ્યાર્થઈઓનો એક પ્રશ્ન ચર્ચવા આચાર્ય પાસે ગયા હતા. આચાર્યએ અછડતી જ વાત કરી, 'મારી પાસે ઘણાં કામ છે. જુઓને આ તમારી ફી માફીની અરજીઓ પર પણ નિર્ણય લેવાનો છે.' જોગાનુજોગ કરીમની ફી માફીની અરજી પણ તેમાં હતી અને છતાં કરીમે આચાર્યને રોકડું પરખાવ્યું, 'અમારા પ્રશ્નના નિકાલની વચ્ચે તમે ફી માફીની વાત લાવી દબાવવા માગો છો તે વાજબી નથી.' અને આચાર્ય હબક ખાઈ ગયા.

આ પ્રસંગે મારા મનમાં એક જાદુઈ અસર કરી. જીવનમાં એસોસિએશનના પ્રશ્નોની રજૂઆત વખતે કોઈ આડ વાત લાવવામાં આવે ત્યારે તેને પારખી સાઈડ ટ્રેક કરી મૂળ પ્રશ્નના નિરાકરણની દિશામાં આગળ વધવાની મને પ્રેરણા મળી. કરીમે અમને કવિ બનાવ્યા. અમે ચાર મિત્રો સોઢા, ગજ્જર, રાવલ અને ઠક્કર - તે સમયે 'સોગરાઠ'ના ઉપનામથી સંયુક્ત કવિતા લખતા અને તે વખતના બાલસંદેશમાં પ્રગટ પણ થતી. શાળામાં અમે 'મશાલચી' નામે એક દૈનિક પત્ર પણ ચલાવતા જેમાં સમાચાર ઉપરાંત વિદ્યાર્થીઓની રચના, જોડકણાં વગેરે આપતા. પોતાની આર્થિક સ્થિતિને કારણે વધુ ન ભણી શકતા તેણે પોસ્ટ ખાતામાં ફરજ બજાવી સંબંધીઓના સુખદુખના સમાચાર પહોંચાડી પ્રેમભર્યા સ્વભાવથી લોકસેવા કરી અને જીવનનો સાચો આનંદ અનુભવ્યો તેમજ સાદાઈમાં પણ સુખ છે તે બાબતની પ્રતીતિ કરાવી.

**- નટુભાઈ પી ગજ્જર**
**સેક્ટર-૨૯**

# મફત યોજનાનાં પુસ્તકોનું વિતરણ શરૂ

ગાંધીનગર, તા. ૨૪

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં નવા શૈક્ષણિક સત્રથી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે મફત યોજના હેઠળના પુસ્તકોનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પુસ્તકો પ્રિન્ટ થઈને આવી ગયા હોવાથી અમદાવાદમાં શુક્રવારથી તેનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે અને ૩ મે સુધીમાં તમામ સ્કૂલોને પુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી સ્કૂલો શરૂ થયા બાદ સરકારી તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના તમામ વિદ્યાર્થીઓને મફત યોજના હેઠળના પુસ્તકો મળશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મફત યોજના હેઠળ પુસ્તકો આપવામાં આવશે.

# વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

## 'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે